# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

******************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સરકારી નોકરીઓ નાગરિકોના જીવનને સુધારવા અને સરળ બનાવવાનું મહત્વનું માધ્યમ છે**
2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના વિદેશ મંત્રીએ પ્રાદેશિક તથા વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી.**
3) **સરકારે વ્યાપક જાહેર પરામર્શ માટે VB-G RAMG અધિનિયમ, 2025 હેઠળ મુસદ્દા નિયમો પ્રકાશિત કર્યા**
4) **DRIએ મુંબઈમાંથી 11 કરોડ રૂપિયાની કિંમતનો માદક પદાર્થ જપ્ત કર્યો.**
5) **ભારતીય કુસ્તીબાજો સૂરજ વશિષ્ઠ અને સાગર સિંહ એશિયન U23 કુસ્તી ચેમ્પિયનશિપની ગ્રીકો-રોમન શ્રેણીઓની ફાઇનલમાં પહોંચ્યા**

**..........................................................**

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો હતો કે સરકારી નોકરીઓ નાગરિકોના જીવનને સુધારવા અને સરળ બનાવવા માટે એક મહત્વપૂર્ણ માધ્યમ તરીકે સેવા આપે છે. આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 19મા રોજગાર મેળાને સંબોધતા તેમણે આ વાત કહી. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે દેશએ તેના કર્મયોગીઓ પર વિશ્વાસ મૂક્યો છે, અને હવે તેમની જવાબદારી છે કે તેઓ તેમના સમર્પણ, આચરણ અને રોજિંદા કાર્યો દ્વારા આ વિશ્વાસનું સન્માન કરે અને તેને મજબૂત બનાવે.

## (બાઇટ : PM-ON-KARAMAYOGI)

શ્રી મોદીએ ઉમેર્યું હતું કે દરેક ભારતીય 2047 સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાની પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહ્યો છે અને આ હાંસલ કરવા માટે દેશ અનેક ક્ષેત્રોમાં રોકાણ કરી રહ્યો છે.

## (બાઇટ : PM-ON--VIKSIT-BHARAT)

રોજગાર મેળા અંતર્ગત આજે વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા નિયુક્ત થયેલા 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું. રોજગાર મેળો દેશભરમાં 47 સ્થળોએ યોજાયો હતો.

# ROJGAR MELA STATES

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આજે મહારાષ્ટ્રના નાગપુરમાં રોજગાર મેળાના 19મા તબક્કામાં નવા ભરતી થયેલા કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. આ કાર્યક્રમ નાગપુરમાં નેશનલ ફાયર સર્વિસ કોલેજ NFSC ખાતે યોજાયો હતો.કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે નવી દિલ્હીમાં રોજગાર મેળાને સંબોધતા, વિશ્વાસ વ્યક્ત કર્યો કે નવા ભરતી થયેલા યુવાનો 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ દેશની યાત્રામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

(બાઇટ : PIYUSH-GOYAL-ON-ROZGAR-MELA)

ગુજરાતમાં, પણ આજે અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં યોજાયેલા પ્રાદેશિક રોજગાર મેળાઓમાં લગભગ 242 ભરતીઓને નિમણૂક પત્રો અપાયા. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે વડોદરામાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાજકોટમાં ઉમેદવારોને નિમણૂક પત્રો સોંપ્યા હતા. અમદાવાદમાં, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, રક્ષા ખડસે, શાહીબાગ ખાતે યોજાયેલા રોજગાર મેળામાં હાજરી આપી.

# REV EVE US SEC RUBIO DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આજે ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત પ્રગતિ અને પ્રાદેશિક તથા વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી. રુબિયોએ આજે બપોરે નવી દિલ્હીમાં સેવા તીર્થ ખાતે પ્રધાનમંત્રી મોદીને મળ્યા. પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે ભારત અને અમેરિકા વૈશ્વિક હિત માટે નજીકથી કામ કરવાનું ચાલુ રાખશે. આ બેઠક દરમિયાન વિદેશ મંત્રી ડૉ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ હાજર હતા.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સચિવ રુબિયોએ પ્રધાનમંત્રી મોદીને સંરક્ષણ, વ્યૂહાત્મક ટેકનોલોજી, વેપાર અને રોકાણ, ઉર્જા સુરક્ષા, કનેક્ટિવિટી, શિક્ષણ અને લોકોથી લોકો વચ્ચેના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં સતત પ્રગતિ વિશે માહિતી આપી હતી. સચિવ રુબિયોએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ સહિત વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર અમેરિકાનો દ્રષ્ટિકોણ દર્શાવ્યો હતો. શ્રી મોદીએ શાંતિ પ્રયાસો માટે ભારતના સતત સમર્થનની પુષ્ટિ કરી હતી અને સંવાદ અને રાજદ્વારી દ્વારા સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલ માટેના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો હતો. પ્રધાનમંત્રીએ સચિવ રુબિયોને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની શુભેચ્છાઓ આપવા પણ કહ્યું.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# G-RAM-G DRAFT RULES

સરકારે વ્યાપક જાહેર પરામર્શ માટે VB-G RAMG અધિનિયમ, 2025 હેઠળ મુસદ્દા નિયમો પ્રકાશિત કર્યા છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ, હિસ્સેદાર, સંગઠન અથવા સંસ્થા આવતા મહિનાની 21મી તારીખ સુધીમાં મુસદ્દા નિયમો પર વાંધા-સૂચનો રજૂ કરી શકે છે. વિકસિત ભારત-G RAMG અધિનિયમ 20 વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ મનરેગા, 2005 ને બદલે છે. નવા કાયદાનો ઉદ્દેશ નાણાકીય વર્ષમાં વૈધાનિક રોજગાર ગેરંટી 100 દિવસથી વધારીને 125 દિવસ કરવાનો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, મુસદ્દા નિયમો કલમ 33 અને કાયદાની અન્ય સંબંધિત જોગવાઈઓ અનુસાર ઘડવામાં આવ્યા છે. VB-G RAMG અધિનિયમ, 2025 આ વર્ષે 1 જુલાઈથી અમલમાં આવશે.

# GOYAL- GROWTH

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે, વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારત મજબૂત આર્થિક પાયા અને મજબૂત નિકાસ વૃદ્ધિનો સાક્ષી બની રહ્યું છે. તેમણે કહ્યું કે, એપ્રિલમાં નોંધાયેલ નિકાસ વૃદ્ધિની ગતિ મે મહિનામાં પણ ચાલુ રહી છે, જે વૈશ્વિક પ્રતિકૂળતાઓ વચ્ચે ભારતીય અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, શ્રી ગોયલે કહ્યું કે સરકાર ભવ્ય યોજના દ્વારા વ્યવસાયને સરળ બનાવવા માટેનો બીજો એક ઉપાય પણ શરૂ કરી રહી છે, જેના હેઠળ દેશભરમાં 100 ઔદ્યોગિક ઉદ્યાનો સ્થાપિત કરવામાં આવશે. શ્રી ગોયલે ઉમેર્યું કે 33 હજાર 600 કરોડથી વધુની ફાળવણી સાથે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના, રાજ્ય સરકારો સાથે સહયોગમાં પ્લગ-એન્ડ-પ્લે ઔદ્યોગિક ઉદ્યાનો બનાવશે.

# CENTRE - WEST BENGAL HEALTH

કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2026-27 માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ પશ્ચિમ બંગાળમાં પ્રથમ હપ્તા તરીકે 527 કરોડ રૂપિયાથી વધુ રકમ જારી કરી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સાથે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન પશ્ચિમ બંગાળમાં આરોગ્યસંભાળ પ્રણાલીઓની સમીક્ષા કરી. બેઠક દરમિયાન, શ્રી નડ્ડાએ પશ્ચિમ બંગાળને આરોગ્યસંભાળ માળખાને મજબૂત બનાવવા, રોગની દેખરેખ સુધારવા અને નિવારક આરોગ્યસંભાળના વિસ્તરણ માટે સંપૂર્ણ સમર્થન અને સહયોગની ખાતરી આપી.

# MUMBAI-DRUG SEIZED

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર બે અલગ અલગ કામગીરીમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ, DRI, મુંબઈ ઝોનલ યુનિટે, આશરે 11 કરોડ 25 લાખ રૂપિયાની કિંમતનો 2.25 કિલોગ્રામ માદક પદાર્થ જપ્ત કર્યો. આ મામલે ચાર વિદેશી નાગરિકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

DRI અધિકારીઓના જણાવ્યા અનુસાર, આદિસ અબાબાથી આવતા એક પુરુષ અને એક મહિલા મુસાફરને અટકાવવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન, બંનેએ માદક દ્રવ્યોવાળા કેપ્સ્યુલ્સ ગળી ગયા હોવાનું કબૂલ્યું હતું. તેમને નજીકના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં અધિકારીઓએ લગભગ 7 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડ્યો. અન્ય કાર્યવાહીમાં, અધિકારીઓએ આદિસ અબાબાથી આવતા એક આફ્રિકન પુરુષ અને મહિલા પાસેથી 4 કરોડ રૂપિયાનો માદક પદાર્થ જપ્ત કર્યો.

# ASIAN U23 WRESTLING CHAMPIONSHIP

કુસ્તીમાં, ભારતીય કુસ્તીબાજો સૂરજ વશિષ્ઠ અને સાગર સિંહ આજે વિયેતનામના દા નાંગમાં એશિયન અન્ડર 23 કુસ્તી ચેમ્પિયનશિપમાં પુરુષોની ગ્રીકો-રોમન શ્રેણીઓની ફાઇનલમાં પહોંચ્યા, જેનાથી ભારતને ઓછામાં ઓછા બે રજત ચંદ્રક મળવાની ખાતરી થઈ. 60 કિગ્રા વર્ગમાં, સૂરજ વશિષ્ઠે કિર્ગિસ્તાનના નુરિસ્તાન સુયોરકુલોવને 3-2થી હરાવીને ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. હવે તેનો મુકાબલો સુવર્ણ ચંદ્રક માટે કઝાકિસ્તાનના એબેક એતબેકોવ સામે થશે. દરમિયાન, 67 કિગ્રા વર્ગમાં, સાગર સિંહે સેમિફાઇનલમાં સાઉદી અરેબિયાના મુન્થિર અબ્દુલ્લા એ જાન્ડુ પર 4-0 થી શાનદાર વિજય મેળવ્યો. સુવર્ણ ચંદ્રક માટે તેનો મુકાબલો ફાઇનલમાં ઉઝબેકિસ્તાનના આયતજાન ખાલમાખાનોવ સામે થશે.

# HARDEEP PURI- OIL INDIA

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે માહિતી આપી હતી કે ઓઇલ ઇન્ડિયા લિમિટેડે રાજસ્થાનના દાંડેવાલા ફિલ્ડમાં ગેસ-બેરિંગ પે ઝોન સફળતાપૂર્વક ખોલ્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પુરીએ જણાવ્યું હતું કે છીછરા સાનુ ફોર્મેશનમાંથી પ્રથમ વખત લગભગ 25 હજાર સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિ દિવસ કુદરતી ગેસનો પ્રવાહ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. તેમણે ઉમેર્યું હતું કે તે સ્થાનિક ઉર્જા ઉત્પાદનને મજબૂત બનાવવામાં મદદ કરશે અને ઉર્જા આત્મનિર્ભરતા તરફ ભારતની સફરને વેગ આપશે.

# JITENDRA SINGH- EVEREST

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહે ભારત-તિબેટીયન બોર્ડર પોલીસની પ્રથમ મહિલા અભિયાન ટીમને માઉન્ટ એવરેસ્ટ સફળતાપૂર્વક સર કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે કહ્યું કે ભારતની દીકરીઓ વૈશ્વિક મંચ પર ભારતની નારી શક્તિને ફરીથી વ્યાખ્યાયિત કરી રહી છે. તેમણે નોંધ્યું કે જમ્મુ અને કાશ્મીરના કઠુઆની અંજલી દેવીએ આ અદ્ભુત સિદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.